ક્રમાંક:ખસપ/૧૦/૨૦૧૨/૭૧૪૪૨૨/ડ
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર,
તારીખ:- 12 DEC 2012

Government of Gujarat

પ્રતિ,
વિકાસ કમિશનરશ્રી,
ગુજરાત રાજ્ય,
૧૬/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

વિષય:- ચાર્જ એલાઉન્સ મંજૂર કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અંગેની વિવિધ જિલ્લા પંચાયત કચેરીઓ તરફથી મળેલ જુદા-જુદા સંવર્ગના કર્મચારીશ્રીઓનાં ચાર્જ એલાઉન્સ મંજૂર કરવાની આ સાથેના પરિશિષ્ટ-'અ' માં દર્શાવ્યા મુજબની દરખાસ્તોની નીચે દર્શાવેલ મુદ્દાઓના સંદર્ભમાં ચકાસણી કરીને ખૂટતી માહિતી/પુરાવા સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી પાસેથી મેળવી ત્યારબાદ જ સંપૂર્ણ દરખાસ્ત વિભાગમાં મોકલવાની કાર્યપદ્ધતિનો ચુસ્ત અમલ કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

(૧) જગ્યા ખાલી પડવાનું કારણ- નિવૃત્તિ/બદલી/બઢતી.

(૨) જગ્યાનો પ્રકાર-કાયમી/હંગામી.

(૩) વધારાનો હવાલો સોંપવાના હુકમની પ્રમાણિત નકલ.

(૪) વધારાના હવાલામાંથી મુકત કરવાના હુકમની પ્રમાણિત નકલ.

(૫) ચાર્જ એલાઉન્સ મંજૂર કરવા અંગેની વિગતો દર્શાવતું ચેકલીસ્ટ, જેમાં કેટલા સમયનું ચાર્જ એલાઉન્સ મંજૂર કરવાનું છે તે સ્પષ્ટ અભિપ્રાયસહ દર્શાવવું.

(૬) ચાર્જ દરમ્યાન સંતોષકારક કામગીરી કરેલ હોવાનું પ્રમાણપત્ર.

(૭) સંબંધિત કર્મચારીશ્રીએ ચાર્જના સમયગાળા દરમ્યાન ભોગવેલ રજાની વિગત./ચાર્જના સમયગાળા દરમ્યાન કોઇ રજા ભોગવેલ નહિ હોવાનું પ્રમાણપત્ર.

(૮) સમકક્ષ જગ્યાનો ચાર્જ સંભાળેલ છે કે ઉપલી કક્ષાની જગ્યાનો તેની વિગત.

(૯) કરકસરના હુકમોને અનુલક્ષીને જગ્યાઓમાં ૧૦% કે ૨૦% કાપ કરતાં ઓછી થતી હોય તેવી જગ્યાનો વધારાનો હવાલો સોંપવાની દરખાસ્ત નથી,તે બાબતનું પ્રમાણપત્ર.

(૧૦) નાણાં વિભાગના તા.૨૮-૨-૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક:SSP/102000/345/CH (જેની નકલ **http://financedepartment.gujarat.gov.in/gr/ch branch.php** પરથી **Download** કરી મેળવવી.) મુજબ ૧ વર્ષથી વધુ સમય જગ્યા ખાલી રહે તો તે નાણાં વિભાગના તા.૧૬-૩-૧૯૭૨ના ઠરાવ મુજબ આ હેતુ માટે જગ્યા એબેયન્સમાં ગયેલ ન હોવાનું પ્રમાણપત્ર.(ચાર્જ એલાઉન્સ મંજૂર કરવા દરખાસ્ત કરેલ છે તે જગ્યા એબેયન્સમાં ગયેલ નથી કે રદ થયેલ નથી, તે મુજબનું પ્રમાણપત્ર)

આપનો વિશ્વાસુ,

( એસ.બી.ચૌધરી )

નાયબ સચિવ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

બિડાણ:- પરિશિષ્ટ-'અ' મુજબની અસલ દરખાસ્ત

નકલ રવાના:-

- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ... ભવિષ્યમાં ચાર્જ એલાઉન્સ મંજૂર કરવા અંગેની આવી દરખાસ્ત ઉપર્યુક્ત જણાવેલ ક્રમ ૧ થી ૧૦ સુધીના મુદ્દાઓ પ્રમાણે ચકાસ્યા બાદ જ વિકાસ કમિશનરશ્રી મારફત જ વિભાગને સાદર કરવા કાર્યવાહી કરવા સારૂ.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જામનગર (ક્રમ:૧,૩,૫,૮,૯,૧૩,૧૪,૧૬,૨૦)/અમદાવાદ (ક્રમ:૨,૪,૧૫)/કચ્છ- ભુજ (ક્રમ: ૭,૧૦,૧૧)/રાજકોટ (ક્રમ:૬,૨૧)/જુનાગઢ (ક્રમ:૧૨)/નડીયાદ (ક્રમ:૧૭)/સુરેન્દ્રનગર (ક્રમ:૧૮)/અમરેલી (ક્રમ:૧૯) પર દર્શાવેલ દરખાસ્તોની ઓફીસ કોપી પરથી ઉપર્યુક્ત જણાવેલ ક્રમ ૧ થી ૧૦ સુધીના મુદ્દાઓના સંદર્ભમાં ચકાસણી કરીને ખૂટતી માહિતી/પુરાવા વિકાસ કમિશનરશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર મારફત મોકલી આપવા સારૂ.
- સિલેકટ ફાઇલ

## પરિશિષ્ટ-'અ'

| અ.નં. | કર્મચારીશ્રીનું નામ | હોદ્દો | જિલ્લો | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| (૧) | શ્રી કે.એન.જોષી | એકાઉન્ટ ક્લાર્ક | જામનગર | ૧ થી ૧૭ |
| (૨) | શ્રી એ.સી.પટેલ | નાયબ હિસાબનીશ | અમદાવાદ | ૧૯ થી ૩૧ |
| (૩) | શ્રી પી.વી.મહેતા | નાયબ ચીટનીશ(નિવૃત્ત) | જામનગર | ૩૩ થી ૪૭ |
| (૪) | શ્રી જે.એ.રાવલ | અધિક મદદનીશ ઇજનેર | અમદાવાદ | ૪૯ થી ૫૫ |
| (૫) | શ્રી એ.એમ.કાલરીયા | પશુધન નિરીક્ષક | જામનગર | ૫૭ થી ૧૦૧ |
| (૬) | શ્રી પી.આર.ધ્રાફાણી | જુની.ક્લાર્ક(હિસાબી) | રાજકોટ | ૧૦૩ થી ૧૨૧ |
| (૭) | શ્રી એસ.યુ.સંઘવાણી | સીની.એકા.ક્લાર્ક | કચ્છ-ભુજ | ૧૨૩ થી ૧૩૩ |
| (૮) | શ્રી જે.ડી.ચૌહાણ | નાયબ હિસાબનીશ | જામનગર | ૧૩૫ થી ૧૭૯ |
| (૯) | શ્રી આર.એ.મહિડા | વિસ્તરણ અધિકારી(સહકાર) | જામનગર | ૧૮૧ થી ૧૯૩ |
| (૧૦) | કુ. એ.આર.ગુસાઇ | તલાટી સહ મંત્રી | કચ્છ-ભુજ | ૧૯૫ થી ૨૦૯ |
| (૧૧) | શ્રી એલ.એસ.અસોડા | તલાટી સહ મંત્રી | કચ્છ-ભુજ | ૨૧૧ થી ૨૨૩ |
| (૧૨) | શ્રી એસ.ડી.બલોચ | MPHW | જુનાગઢ | ૨૨૫ થી ૨૫૧ |
| (૧૩) | શ્રી કે.પી.ઓઝા | જુની.ક્લાર્ક | જામનગર | ૨૫૩ થી ૨૬૫ |
| (૧૪) | શ્રી એચ.એલ.ગજેરા | પશુધન નિરીક્ષક | જામનગર | ૨૬૭ થી ૩૨૫ |
| (૧૫) | શ્રી એચ.યુ.ચાંદપરા | વિસ્તરણ અધિકારી(ખેતી) | અમદાવાદ | ૩૨૭ થી ૩૫૩ |
| (૧૬) | શ્રી આર.એ.મહિડા | વિસ્તરણ અધિકારી(સહકાર) | જામનગર | ૩૫૫ થી ૩૮૫ |
| (૧૭) | શ્રી પી.વી.કટારા | મદ.તા.વિ.અધિકારી | નડીયાદ | ૩૮૭ થી ૪૦૯ |
| (૧૮) | શ્રી એસ.પી.ભટ્ટ | તલાટી-કમ-મંત્રી | સુરેન્દ્રનગર | ૪૧૧ થી ૪૬૧ |
| (૧૯) | શ્રી કે.એલ.રાજ્યગુરૂ | મદ.તા.વિ.અધિકારી | અમરેલી | ૪૬૩ થી ૪૯૭ |
| (૨૦) | શ્રી ડી.બી.પરમાર | નાયબ હિસાબનીશ | જામનગર | ૪૯૯ થી ૫૪૭ |
| (૨૧) | કુ.એસ.એમ.દલસાણીયા | હિસાબી અધિકારી | રાજકોટ | ૫૪૯ થી ૫૫૯ |